**સેશન્સ કેસ નંબરઃ– ૮૩/૨૦૧૬**

**આંક –૧૪૩**

| સેશન્સ કેસ નંબરઃ– ૮૩/૨૦૧૬ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | 14 | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | અમરતજી લાડજીજી ઠાકોર | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | NO |
| ઉંમર આશરે | ૫૦ | વરસની | ધંધો | મજુરી |
| રહેવાનુ | વાણા તા.સરસ્વતી | | ડીસ્ટ્રીકટ | પાટણ |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | એસ.કે.જોષી |

(૧) આશરે દશેક વર્ષ પહેલા હું ભાટસણ ચોકડી ઉપર હોટલ પર નોકરી કરતો હતો અને તે સમયે મને પોલીસે તૈયાર પંચનામામાં મારી સહી લીધેલી. પંચનામાની વિગતે હું કશુ જાણતો નથી. બીજા પંચ કોણ હતા તેની મને ખબર નથી.

મને આંક:૧૧૩વાળું પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ નં.ર તરીકે મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છું.

મારી હાજરીમાં પાટણ ધારપુર મેડીકલ કોલેજમાં સી.સી.ટી.વી. કેમેરાનું પંચનામુ થયેલુ હોય તેવું બનેલ નથી.

**હોસ્ટાઈલ**

**આ તબકકે વિ.એ.જી.પી.શ્રી એ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોઈ, તેઓને ફરી ગયેલા જાહેર કરી, તેમની વિગતવારની ઉલટ**

સાહેદની સહી............................

**તપાસ કરવા પરવાનગી આપવા વિનંતી કરતાં, સાહેદ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવે છે.**

એ વાત ખરી નથી કે, ભાટસણ ચાર રસ્તા મહાકાળી ચાર રસ્તા ખાતે પાર્લરના માલીક અરવિંદસિંહ કાંતિજી ઠાકોર હોવાનું જણાવેલ, તેઓએ ગુનાની વિગતની સમજ કરી તેમના સી.સી.ટી.વી.કેમેરામાં તપાસતા ગુનામાં શકમંદ સેન્ટ્રો કાર તા.૧૯/૮/૨૦૧૬ના રોજ કલાક ૧૮:૨૭:૧૦ સેકડે ગાડી ડીસા તરફ જાય છે અને તે જ દિવસે કલાક ૧૯:૦૦:૩૧ સેકન્ડે પરત બાજુ જાય છે. તે સી.સી.ટી.વી.કેમેરા ફુટેજ પેનડ્રાઈવથી પોલીસ કોન્સ્ટેબલે કોપી કરી કબજે કરેલ. એ વાત ખરી નથી કે આરોપીને બચાવવા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું.

**<u>આરોપીનં.૧,૩ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી..ડી.જી.તિવારી..</u>**

(૩) એ વાત ખરી છે કે પોલીસે મને લખેલા કાગળ ઉપર સહી કરાવેલી તે મને વાંચી સંભળાવેલ નહી તે અંગે મને માહીતી પણ આપેલી નહી. એ વાત ખરી છે કે એ સિવાય કંઈ જાણતો નથી કે પોલીસ સ્ટેશનમાં મને કોઈ મુદામાલ બતાવેલ નથી કે મારી હાજરીમાં કોઈ સી.સી.ટી.વી. ફુટેજની કોપી કરેલ નથી.

**<u>આરોપીનં.૨,૪ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી..ડી.આઈ.કોન્ટ્રાકટર..</u>**

**ઉપરની ઉલટતપાસ એડોપ કરેલી છે.**

**<u>આરોપીનં.૫ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી..એ.એસ.ચાવડા..</u>**

**ઉપરની ઉલટતપાસ એડોપ કરેલી છે.**

સાહેદની સહી..........................

**વિશેષ ઉલટતપાસ નથી,**

**ફેર ઉલટતપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૧૭/૧૧/૨૦૨૫ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>૬ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી............................